# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-01-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## નવા વર્ષ 2026 ની શુભકામના

ઈસુ ના 2026ના નવા **વર્ષ**ની શ્રોતામિત્રોને શુભકામના સાથે સમાચાર શીતલ વૈષ્ણવ વાંચે છે.

નમસ્કાર

આજથી ઈસુના નવા વર્ષ 2026ના જગતભરમાં ઉમંગભેર વધામણા લેવાઇ રહ્યા છે. દેશભરમાં ગઈ મધરાત્રે ફટાકડા અને આતશબાજી સાથે નવા વર્ષને વધાવાયુ હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાન મંત્રી **નરેન્દ્ર** મોદી સહિત અગ્રણીઓએ પ્રજાને નવા વર્ષની શુભકામના પાઠવી છે.

**--------------------------------------------------------------------------------**

## CM – મંત્રી મંડળની બેઠક

રાજ્યમાં નવી 9 જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોની રચનાને મંત્રીમંડળે મંજૂરી આપી છે. ગઇકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ નિર્ણયથી ખેડૂતો અને ગ્રામીણ બેન્કોની સુવિધા વધારો થશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું. તેમણે ઉમેર્યું, બેંકોની રચના માટે રાજ્ય સરકાર નાબાર્ડ મારફત **RBI**ને દરખાસ્ત મોકલશે.

**--------------------------------------------------------------------------------**

## કૃષિમંત્રી – માર્ગદર્શિકા

રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી પગલે કૃષિ વિભાગે પાક રક્ષણ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ માર્ગદર્શિકામાં સૂચવવામાં આવેલા અગમચેતીના પગલાઓ અનુસરવા રાજ્યના ખેડૂતોને અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકાના છૂટાછવાયા વિસ્તારમાં હળવા વરસાદની આગાહી છે.

---------------------------------------------------------------------------------------

## પોલીસ મહાનિયામક

રાજ્યના પોલીસ મહા નિયામક વિકાસ સહાય સેવા નિવૃત થતાં ડોક્ટર કે. એલએન રાવને કાર્યકારી પોલીસ મહા નિયામકની જવાબદારી સુપ્રત થઈ છે. 1992 ની કેડરના પોલીસ અધિકારી ડોક્ટર રાવ હાલે ગુપ્તચર ગુન્હા શાખાના નિયામક તરીકે કાર્યરત છે.

---------------------------------------------------------------------------------------

## GSRTC ના ભાડામાં વધારો

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (**GSRTC)** દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. એસટી નિગમ દ્વારા ચાલકી બસ સેવાનાં ભાડાંમાં 10 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારે મધ્યરાત્રિથી જ નવા ભાડાં લાગુ કરવામાં આવ્યા હતા. એસટી નિગમના આ નિર્ણયથી રાજ્યના 27 લાખ મુસાફરોને સીધી અસર થશે.

ઉલ્લેખનીય છે કે, 2014 બાદ પહેલીવાર 2023માં એટલે કે 10 વર્ષ બાદ એસટી નિગમ દ્વારા 1 ઓગસ્ટ 2023ના રોજ 25 ટકા સુધીનો ભાડાંમાં વધારો કરવામાં આવ્યો હતો. **GSRTC** દ્વારા આ લાગુ થનારાં ભાડાંમાં 48 કિમી સુધી રૂ. એકથી લઈને 6 રૂપિયા સુધીનો વધારો કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

## 31 ડિસેમ્બરના પોલીસ દ્વારા ચેકિંગ

થર્ટી ફર્સ્ટની રાતે પશ્ચિમ કચ્છ જિલ્લામાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. ભુજમાં પોલીસ દ્વારા ખેંગારપાર્ક, એરપોર્ટ રોડ, મીરજાપર, જ્યુબિલી સહિતના સ્થળોએ ચેકીંગ સાથે મોબાઈલ વેન દ્વારા પણ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત જિલ્લા ટ્રાફીક અને પધ્ધર પોલીસ દ્વારા શેખપીર સર્કલ પર વાહનોના સઘન ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.આ સાથે બ્રેથ એનેલાઇઝરથી પણ તપાસ કરવામાં આવી હતી.આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.બે દિવસ દરમ્યાન જિલ્લામાં 100 થી વધુ પ્રોહીબિશનના કેસો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## 31 ડિસેમ્બરના પ્રવાસીઓની ભીડ

છે. 31 ડિસેમ્બરના રોજ નવા વર્ષની ઉજવણી નિમિત્તે કચ્છ જિલ્લામાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. સફેદ રણ, માંડવી બીચ ઉપરાંત મળતી માહિતી મુજબ ધોળાવીરા સાઇટ પર આશરે 5,000 જેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, જ્યારે તેનાથી બમણા જેટલા લોકો આસપાસના વિસ્તારમાંથી પસાર થયા હોવાનું જાણવા મળે છે. બુધવારે બપોર બાદ અચાનક વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. અને સાંજના સમયે લગભગ અડધા કલાક સુધી અચાનક વરસાદ વરસ્યો હતો. વર્ષના અંતિમ દિવસની ઉજવણી સાથે કુદરતના બદલાયેલા મિજાજે કચ્છમાં પ્રવાસન અને ગ્રામ્ય જીવન બંનેને અસર કરી હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## માર્ગ સલામતી માસનું ઉદ્ઘાટન

રાજ્યમાં દિનપ્રતિદિન વધી રહેલા માર્ગ અકસ્માતોને કારણે થતા મૃત્યુ અને જાનહાનિમાં ઘટાડો લાવવા માટે ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયની સૂચના મુજબ વર્ષ 2026 માટેનો માર્ગ સલામતી માસ 1 થી 31 જાન્યુઆરી દરમિયાન શિક્ષા સે સુરક્ષા,

ટેકનોલોજી સે પરિવર્તન થીમ હેઠળ આયોજિત કરવામાં આવ્યો છે. આ અનુસંધાને કચ્છ યુનિવર્સિટી ખાતે આજે સવારે 11 કલાકે યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે માર્ગ સલામતી માસનું ઉદ્ઘાટન સમારોહ યોજાશે. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ, જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક, આરટીઓ તથા અન્ય વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગની આગાહી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કચ્છના વાતાવરણમાં પલટો આવ્યો હતો, અને રાપર, ભચાઉ, ભુજ અને નખત્રાણા અને અબડાસા, લખપત સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારો ઝાપટાથી લઈને મધ્યમ વરસાદ થયો હતો. જેના કારણે ખેડૂતોના અમુક પાકને પણ થોડી નુકસાનીની શક્યતા સેવાઈ રહે છે. જો કે સરકારી આંકડા મુજબ માત્ર રાપર તાલુકામાં 1 **MM** વરસાદ નોંધાયો છે. જોકે માંડવી અને મુન્દ્રાના વિસ્તારોમાં વાતાવરણમાં ખાસ કોઈ ફરક જણાયો ન હતો.

------------------------------------------------------------------------------------